**"સુજલામ્ સુફલામ જળ અભિયાન વર્ષ ૨૦૧૯"**
**અંતર્ગતના કામો કરવા બાબત.**

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક :- પરચ/૨૦૧૯/૧૦૦/એમ.આઈ.સેલ/
તા.૦૬/૦૨/૨૦૧૯

**આમુખ :-**

જળસંચયની કામગીરી અંતર્ગત રાજ્યના સબંધિત વિભાગો દ્વારા વિવિધ કામો હાથ ધરવામા આવે છે. જે પૈકી તળાવો ઉંડા ઉતારવા અંગે ખૂબ મોટાપાયે કામગીરી હાથ ધરવામાં આવે છે, તે મુજબ જળસંચયનો વ્યાપ વધે તે પ્રકારના કામો, ચોમાસા-૨૦૧૮ પહેલાં મે-માસમાં, લોકભાગીદારીથી હાથ ધરવા માટે "સુજલામ્ સુફલામ્ જળ અભિયાન" શરૂ કરવા માટે મહત્વનો નિર્ણય કરવામાં આવેલ હતો. જેમાં મુખ્યત્વે જળસંગ્રહનાં કામો જેવા કે તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનુ ડીસીલ્ટીંગ, હયાત જળાશયોનુ ડીસીલ્ટીંગ, શહેરોમાંથી પસાર થતી નદીઓમાં થતુ પ્રદુષણ અટકાવવાની કામગીરી તેમજ નદીઓના કાંઠાઓ ઉપર વૃક્ષારોપણ કરવુ, નદીના પ્રવાહને અવરોધરૂપ ગાંડા બાવળ, ઝાડી-ઝાંખરા દુર કરવા, ટેરેસ/વન તલાવડી, નદીને પુન:જીવિત કરવી, શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની પાઇપ લાઇનોમાં વાલ્વમાંથી થતા પાણીનો બગાડ રોકવો, ડીસેલીનેશનની કામગીરી, પીવાના પાણીનો બગાડ રોકવા માટે જન જાગૃતિ વગેરે કામગીરી કરવાનુ આયોજન થયેલ હતું. "સુજલામ સુફલામ જળ અભિયાન" અન્વયે કરવાના થતા કામોની કામગીરી માટે સમાનંકિત ક્રમાંકના તા.૨૭/૦૪/૨૦૧૮ના ઠરાવથી કાર્યપધ્ધતિ નક્કી કરાયેલ હતી. જળઅભિયાનના ફળસ્વરૂપ, ગત વર્ષ ચોમાસામાં જળસંચયનો વ્યાપ જોતા વર્ષ-૨૦૧૯માં પણ સુજલામ સુફલામ જળઅભિયાન અંતર્ગત દરેક જીલ્લામાં તા.૧૫/૨/૨૦૧૯થી જળસંચયના કામો હાથ ધરવાનો નિર્ણય લેવાયેલ છે. જેમાં નીચે મુજબની કાર્ય પધ્ધતિ અનુસરવા ઠરાવામાં આવે છે.

**ઠરાવ :-**

(૧) રાજ્યના તમામ જિલ્લાઓમાં જળ સંચયના કામો હાથ ધરવાના રહેશે.
(૨) જળઅભિયાનની કામગીરીમાં હયાત તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનુ ડીસીલ્ટીંગ, હયાત જળાશયો/નદીનું ડીસીલ્ટીંગ, હયાત નુકશાન પામેલ ચેકડેમોના રીપેરીંગ, તળાવોના વેસ્ટ વીયરના રીપેરીંગ, નદીઓના કાંઠા પર વૃક્ષારોપણ અને નદીઓના પ્રવાહને અવરોધ રૂપ ગાંડા બાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરવા જેવા કામોનો સમાવેશ કરવાનો રહેશે.

(૩) ડીસીલ્ટીંગને લગતી કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો, રાજ્ય સરકારના જાહેર સાહસો, એ.પી.એમ.સી, ધાર્મિક સંસ્થાઓના સહયોગથી હાથ ધરવાની રહેશે.

(૪) ટેરેસ/વનતલાવડી, તળાવોના વેસ્ટવીયરના રીપેરીંગ, હયાત નુકશાન પામેલ ચેકડેમોના રીપેરીંગની કામગીરી તથા નદી પુન: જીવીત કરવાની કામગીરી સંબંધિત વિભાગો દ્વારા સંબંધિત વિભાગોના પ્રવર્તમાન નિયમોનુસાર અભિયાનના સમયગાળા દરમ્યાન હાથ ધરવાની રહેશે.

(૫) નદીઓના કાંઠા ઉપર વૃક્ષારોપાણ અને નદીઓના પ્રવાહને અવરોધ રૂપ ગાંડા બાવળ, ઝાડી–ઝાંખરા દુર કરવાની કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો, એપી.એમ.સી., ધાર્મિક સંસ્થાઓના સહયોગથી અથવા સંબંધિત વિભાગ દ્વારા હાથ ધરવાની રહેશે.

(૬) જીલ્લા કક્ષાએ એન.જી.ઓ./સંસ્થાઓની યાદી સબંધિત જીલ્લાના કલેકટરશ્રીએ તૈયાર કરવાની રહેશે.

(૭) જીલ્લા કક્ષાએ આખરી કરાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ/ધાર્મિક સંસ્થાઓ/ ઉદ્યોગ ગૃહો /રાજ્ય સરકારશ્રીના જાહેર સાહસોને કલેકટરશ્રી દ્વારા કામગીરી સોંપવાની રહેશે.

(૮) સુજલામ્ સુફલામ્ જળ અભિયાન ૨૦૧૯ માટે જળસંપત્તિ વિભાગે તમામ જિલ્લાઓના કલેકટરશ્રી દ્વારા આખર કરેલ કામોના માસ્ટર પ્લાનને વહીવટી મંજુરી આપવાની રહેશે.

(૯) આ અભિયાન હેઠળ ફક્ત મંજુરી અપાયેલ કામો જ હાથ ધરવાના રહેશે. આમ છતાં જરૂર જણાયે કલેક્ટરશ્રીની અધ્યક્ષતા હેઠળની સમિતિ દ્વારા વધારાના કામો અંગે નિર્ણય લઇ શકાશે, જેની જાણ જળસંપત્તિ વિભાગને કરવાની રહેશે.

(૧૦) જિલ્લામાં નક્કી કરાયેલ કામોની કામગીરી સબંધિત જિલ્લાના કલેકટરશ્રીએ સબંધિત વિભાગના અધિકારીશ્રીઓના સંકલનમાં હાથ ધરવાની રહેશે. કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ સબંધિત વિભાગના જિલ્લા કક્ષાના અધિકારીશ્રીઓની અમલીકરણ સમિતિની રચના કરવાની રહેશે. જળસંપત્તિ વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી સમિતિના સભ્ય સચિવશ્રી રહેશે અને થયેલ કામગીરીની સમયાંતરે સમીક્ષા કરવાની રહેશે. તાલુકા કક્ષાએ નાયબ કલેકટરશ્રીએ સબંધિત વિભાગના અધિકારીના સંકલનમાં અમલીકરણ કરાવવાનું રહેશે.

(૧૧) જે સંસ્થાઓ સંપૂર્ણ રીતે તેમના ખર્ચે કામગીરી કરવા માગતા હોય તેમની કામગીરી સુચારૂ રીતે પૂર્ણ થાય તે માટે સરકારશ્રી દ્વારા સંપૂર્ણ સહયોગ આપવામાં આવશે.

(૧૨) (અ) "સુજલામ સુફલામ જળ અભિયાન" હેઠળની લોક ભાગીદારીથી હાથ ધરવાના થતા કામોની કામગીરી માટે માટી/મુરમ ખોદાણના ભાવો રૂ. ૩૦=૦૦ પ્રતિ ઘનમીટર રહેશે. જે સ્વૈચ્છિક સંસ્થાઓ લોકભાગીદારીથી કરવાની કામગીરી સરકારશ્રીની સહાયથી કરવા માગતી હોય તેને કામની કિમતના ૬૦% રકમ સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવશે અને બાકીની ૪૦% રકમ સંસ્થાએ પોતે ભોગવાની રહેશે.

(બ) સોફ્ટ રોકમાં કામગીરી કરાવવાની થાય તે કિસ્સામાં જે તે જીલ્લાના સિંચાઇ વિભાગની વિભાગીય કચેરી દ્વારા નક્કી કરાયેલ યુનિટ રેટ ગણતરીમાં લેવાનો રહેશે અને તેમાં પણ ઉપર મુજબ ૬૦:૪૦ ના ગુણોતરમાં ચુકવણુ કરવામાં આવશે.

(૧૩) જ્યાં સરકારી ખરાબાની જમીન જરુરી પ્રમાણમાં ઉપલબ્ધ હોય ત્યાં પાણીના આવરા બાબતની ખરાઇ કરી તળાવ માટેની જમીન માટે ૭/૧૨માં તબદિલ કરવાની કામગીરી પૂર્ણ કરીને જીલ્લાવાર એક નવા તળાવનું બાંધકામ કરવા અંગે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૪) જ્યાં સ્વૈચ્છિક સંસ્થાઓનો તેમજ લોકફાળો પુરતા પ્રમાણમાં મળી રહેતો હોય ત્યાં જરુરીયાત અનુસાર મોટા કામો પણ લઈ શકાશે.

(૧૫) "સુજલામ સુફલામ જળ અભિયાન" હેઠળ લોકભાગીદારીથી હાથ ધરાયેલ કામો અન્વયે કામગીરીમાં થયેલ માટીકામના જથ્થા મુજબ ચુકવણું કરવાનું હોવાથી કામના માપો લંબાઇ X પહોળાઇ X ઊંડાઇ (LBD) મુજબ લેવાના રહેશે.

(૧૬) સિંચાઇ વિભાગના તાંત્રિક અધિકારીશ્રીઓ જળ અભિયાનમાં સંકળાયેલ હોવાથી તથા મોટી સંખ્યામાં એક સાથે કામો ચાલુ હોવાથી અને ટૂંકા સમયગાળામા વ્યાપક કામગીરી કરવાની થતી હોઈ “સુજલામ્ સુફલામ્ જળ અભિયાન” હેઠળ ફક્ત લોકભાગીદારીથી હાથ ધરાયેલ કામો અન્વયે થયેલ કામગીરીના માપો લંબાઇ X પહોળાઇ X ઉંડાઇ (LBD) મુજબ લેવાની કામગીરીમાં, કલેકટરશ્રીએ તેમના જિલ્લાના અન્ય વિભાગોના તાંત્રિક અધિકારીશ્રીઓ મ.ઇ./અ.મ.ઇ.શ્રીને કામોની યાદી સાથે માપો લેવાનાં હુકમો કરવાના રહેશે. સબંધિત તાંત્રિક અધિકારીશ્રીઓએ (મ.ઈ./અ.મ.ઈ.) માપપોથીમાં માપો લખવાના રહેશે. કામોના માપ અલગ માપપોથીમાં લખવાના રહેશે. આ માપ પોથીઓમાં “સુજલામ્ સુફલામ્ જળ અભિયાન” સિવાયના અન્ય કોઇ પણ કામોના માપ લખવાના રહેશે નહી. માપપોથીમાં લખાયેલ માપોના આધારે સબંધિત મ.ઈ./અ.મ.ઈ. દ્ધારા કામનુ બીલ બનાવીને ચુકવણા માટે સીધુ કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને બનાવેલ જિલ્લા કક્ષાના અધિકારીઓની અમલીકરણ સમિતીને રજુ કરવાનુ રહેશે. કલેકટરશ્રીની સમિતી દ્ધારા મંજુરી મળ્યા બાદ કામના સબંધિત વિભાગના અમલીકરણ અધિકારીશ્રીએ તેમના વિભાગની ગ્રાન્ટમાથી ચુકવણુ કરવાનુ રહેશે.

(૧૭) હયાત તળાવોના વેસ્ટ વિયરની મરામત તથા ચેકડેમ મરામતના કામો માટે જુદી જુદી આઇટમોના જીલ્લાવાર યુનીટ રેટ સિંચાઇ વિભાગની વિભાગીય કચેરી દ્ધારા મંગાવીને મંજુર કરવાના રહેશે. તેના આધારે રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર/રજીસ્ટર્ડ મંડળી મારફતે નિયત નમુનામાં એગ્રીમેન્ટ કરી કામો કરાવી શકાશે.

(૧૮) જ્યાં જમીન ડુબાણ અને સંપાદનનો પ્રશ્ન ન હોય ત્યાં હયાત તળાવોના વેસ્ટ વિયરની ઉંચાઇ વધારવાની શક્યતા ચકાસીને કામોનું આયોજન યુનિટ રેટથી હાથ ધરી શકાશે.

(૧૯) આ કામગીરી માટે ઉધોગગૃહો/સ્વૈચ્છિક સંસ્થાઓ “સુજલામ્ સુફલામ્ જળ અભિયાન” હેઠળની કામગીરી માટે નાણાંકિય સહાય કરવા ઇચ્છતા હોય તો તેવી સંસ્થાઓ જે તે જિલ્લાના કલેકટરશ્રીને ચેકથી નાણાંની રકમ આપવાની રહેશે. કલેકટરશ્રીએ “સુજલામ સુફલામ જળ અભિયાન ----જિલ્લા” નામે ખાતુ તેમને યોગ્ય લાગે તે Nationalized Bank / Scheduled Bankમાં ખોલાવી શકશે અને ચુકવણા માટે તેમને યોગ્ય લાગે તે અધિકારીશ્રીઓને અધિકૃત કરવાના રહેશે. આ બેન્ક

એકાઉન્ટમાંથી ફક્ત A/C Payeeના ચેક મારફતે જ ચુકવણુ કરવાનુ રહેશે. બેન્ક એકાઉન્ટમા જમા થયેલ નાણાં અને થયેલ ખર્ચનુ ઓડિટ ચાર્ટડ એકાઉન્ટન્ટ મારફતે કરાવવાનુ રહેશે.

(૨૦) જે જીલ્લામાં લોકફાળાથી એકત્ર થયેલ રકમ અને સરકારશ્રીની ગ્રાન્ટની રકમ બન્ને એકત્ર રકમ જો તાલુકા વિકાસ અધિકારી દ્વારા ચુકવણાની કામગીરી કરવાની હોય, તે કિસ્સામાં જીલ્લા કલેકટરશ્રી આ અંગેનો નિર્ણય લઈ શકશે. આ જીલ્લાઓમાં તાલુકા વિકાસ અધિકારીએ થયેલ કામો પંચાયત હસ્તકના સેકશન અધિકારી મારફત લેવડાવી અને એમ.બી.માં રેકર્ડ થયેલ માપો ધ્યાને લઇને તેની ગણતરી કરી ચુકવણાની રકમ નક્કી કરવાની રહેશે, તેમજ જીલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને રચાયેલ અમલીકરણ સમિતિની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ ચુકવણુ કરવાનું રહેશે.

(૨૧) ખોદાણ કામમાંથી મળતી માટી આસપાસમાં પ્રગતિ હેઠળના સરકારી કામોમાં કે ખેડૂતોના ખેતરમાં કે જાહેર કામોમાં વપરાશ કરવાનો રહેશે અને તે માટે કોઇ રોયલ્ટી ચુકવવાની રહેશે નહીં. આ અંગે રોયલ્ટી માફીનો પરીપત્ર ખાણ અને ખનિજ વિભાગ દ્વારા કરવાનો રહેશે.

(૨૨) જળસંપતિ વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ અને પાણી પુરવઠા વિભાગ વગેરે વિભાગો દ્વારા હાથ ધરાતી જળસંચયને લગતી કામગીરીનો સમાવેશ આ અભિયાનમાં કરવાનો રહેશે.

(૨૩) સંસ્થા જે કામગીરી કરે તેના કામ શરૂ કર્યા પહેલાંના, કામની પ્રગતીનાં તથા કામ પુરૂ થયાનાં ફોટોગ્રાફસ અને થયેલ કામગીરીનો રેકર્ડ નિભાવવાનો રહેશે.

(૨૪) માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા જિલ્લામાં ચાલતી કામગીરીના ફોટોગ્રાફસ તથા ફિલ્મ બનાવવાની કામગીરી કરવાની રહેશે. ટેલીવિઝન ઉપર પણ આ ફીલ્મ પ્રસારણ કરાવવાની કામગીરી કરવાની રહેશે તેમજ અભિયાન અંગે પોસ્ટર અને બેનર્સ તૈયાર કરાવી સબંધિત જિલ્લાના અગત્યના સ્થળોએ લોકોમાં જળસંચય અંગે જાગૃતિ ફેલાય તે માટે કાર્યવાહી કરવાની રહેશે.

(૨૫) રાજ્યકક્ષાએ જળબચાવ અભિયાનના અમલીકરણ તથા કામગીરીની સમીક્ષા માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને નીચે જણાવેલ સભ્યોની સમિતિ કાર્યરત રહેશે.

| | | |
|---|---|---|
| મુખ્ય સચિવશ્રી | ગુજરાત રાજ્ય | અધ્યક્ષશ્રી |
| અધિક મુખ્ય સચિવશ્રી | વન અને પર્યાવરણ વિભાગ | સભ્યશ્રી |
| અગ્ર સચિવશ્રી | શહેરી વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| અગ્ર સચિવશ્રી | પાણી પુરવઠા વિભાગ | સભ્યશ્રી |
| કમિશનર અને સચિવશ્રી | ગ્રામ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| સચિવશ્રી | જળસંપત્તિ વિભાગ | સભ્ય સચિવશ્રી |

સમિતિ દ્વારા અભિયાનના સમયગાળા દરમ્યાન હાથ ધરાયેલ કામગીરીનુ મોનીટરીંગ કરવાનુ રહેશે.ચાલુ કામગીરી દરમ્યાન કાર્યપધ્ધતિમા સુધારો કરવાની જરૂરીયાત જણાય તો જરૂરી ફેરફાર સમિતિ કરી શકશે.

(૨૬) સમગ્ર કામગીરીનુ સંકલન જળસંપત્તિ વિભાગે કરવાનુ રહેશે. આ કામગીરીનો દૈનિક પ્રગતિ અહેવાલ દરેક જીલ્લાના કલેક્ટરશ્રીએ જે તે લાઇન ડિપાર્ટમેન્ટના જીલ્લાવાર નોડલ અધિકારીશ્રી પાસેથી મેળવી તેને ચકાસીને જળસંપત્તિ વિભાગને મોકલવાનો રહેશે. આ કામગીરી માટે નિયત પત્રકમાં અઠવાડિક પ્રગતિ અહેવાલ જળસંપત્તિ વિભાગે સંકલિત કરીને સરકારશ્રીમાં રજુ કરવાનો રહેશે.

(૨૭) લોકભાગીદારી સિવાયના અન્ય ડિપાર્ટમેન્ટલ કામો કે જેની કાર્યપધ્ધતી ઉપરોક્ત પારાઓમાં નક્કી થયેલ ન હોય તેવા કામો સરકારશ્રીના સબંધિત વિભાગોના પ્રવર્તમાન નિયમોનુસાર હાથ ધરવાના રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(**એસ.બી.પ્રજાપતિ**)
ખાસ ફરજ પરનાઅધિકારી (સિં.ચો.)
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.

**નકલ સાદર રવાના પ્રતિ,**

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૨) માન. મંત્રીશ્રીનાં અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર (સર્વે)
(૩) માન. રાજયકક્ષાના મંત્રીશ્રીના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર (સર્વે)
(૪) તકેદારી આયુક્તશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેકટર-૧૦/બી, ગાંધીનગર
(૫) સચિવશ્રીઓના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર (સર્વે)
(૬) કલેકટરશ્રીઓના અંગત મદદનીશશ્રી (સર્વે)
(૭) સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) ખાસ સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ, ગાંધીનગર
(૯) સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, ગાંધીનગર
(૧૦) નાણાકીય સલાહકાર (જ.સં), સચિવાલય, ગાંધીનગર
(૧૧) મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ લી. સેકટર ૧૦, ગાંધીનગર
(૧૨) મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, વાલ્મી, આણંદ
(૧૩) સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક), સચિવાલય, ગાંધીનગર
(૧૪) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
(૧૫) સર્વે પ્રોજેકટ શાખા (ક-૧,ક-૨,ક-૩,જ, એમ.આઇ.સેલ,ક-૭), સચિવાલય, ગાંધીનગર
(૧૬) સીલેકટ ફાઇલ